ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૬ ડીગ્રી
લઘુતમ : ૧૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૬ ટકા

# ગાંધીનગરના ક્ષિતજ પટેલે કર્નલ સી.કે. નાયડુ ટ્રોફીમાં ૮૫૦થી વધુ રન ફટકાર્યા

## ખેડૂતપુત્ર ક્ષિતિજે બે ડબલ સેન્ચ્યુરી, એક સેન્ચ્યુરી એમ મળીને કુલ ત્રણ સદી ફટકારી ગુજરાતનું ગૌરવ વધાર્યુ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરમાં રમતગમત ક્ષેત્રે યુવા પ્રતિભાઓ સતત વિવિધ સ્તરે નોંધપાત્ર પ્રદર્શન કરતા જોવા મળી રહ્યાં છે. ગુજરાતમાં ક્રિકેટની રમતના નભની ક્ષિતિજે અત્યારે જે યુવા સિતારો ચમકી રહ્યો છે તેનું નામ છે ક્ષિતિજ પટેલ. આ નવયુવાન ગાંધીનગરનો રહેવાસી છે અને ગુજરાત ટીમ તરફથી તે કર્નલ સી.કે.નાયડુ ટ્રોફીમાં તે કેપ્ટન છે. આ ટુર્નામેન્ટમાં ક્ષિતિજ પટેલે યશસ્વી પ્રદર્શન કરતાં ૮૫૦થી વધુ રન ફટકારી ચુક્યો છે, જેમાં બે ડબલ સેન્ચ્યુરી, એક સેન્ચ્યુરી એમ મળીને કુલ ત્રણ સદી ફટકારી છે અને એક વખતે ૯૯ રન પર આઉટ થયો હતો. અત્યારે વલસાડના સરદાર પટેલ સ્ટેડિયમ ખાતે રમાઇ રહેલી છત્તીસગઢ સામેની મેચમાં તે ૨૦૦ રને નોટઆઉટ છે.



અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના સરસોલી ગામના ધિમંતભાઈ પટેલ નામના ખેડૂત અને પ્રાથમિક શિક્ષિકા નીતાબેનનો પુત્ર ૨૪ વર્ષીય ક્ષિતિજ ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં રહે છે. ક્ષિતિજની પ્રતિભા તેણે રમેલી અન્ડર-૧૪ની ટીમમાં પહેલી જ મેચમાં સુરત સામે તેણે ફટકારેલી સેન્ચ્યુરીથી જ જણાઈ આવી હતી. હાલ રમાઈ રહેલી કર્નલ સી. કે. નાયડુ ટ્રોફીમાં તે ચંદીગઢ સામે ૧૯૮, આંધ્રપ્રદેશ સામે ૮૫, ગોવા સામે ૫૧, આંધ્રપ્રદેશ સામે ૯૯, મહારાષ્ટ્ર સામે ૧૨, બિહાર સામે ૨૩૮ અને હવે છત્તીસગઢ સામે ૨૦૦ રન ફટકારી ચૂક્યો છે. રાષ્ટ્રીય કક્ષાએ જેની નોંધ લેવાઈ રહી છે તવા આ નવયુવાને માત્ર ગાંધીનગરનું ગૌરવ વધાર્યું નથી પરંતુ તે સાથે ગુજરાતના યુવા ખેલાડીઓમાં પ્રેરણાનો સંચાર કર્યો છે.

# બજારોમાં શક્કરિયા-બટાકા ઠલવાયા

## શિવરાત્રી પર્વમાં ઉપવાસ માટે સૌથી વધુ શક્કરિયા-બટાકાની ખરીદી થવાથી માર્કેટમાં આવક વધી : શક્કરિયાનો ભાવ રૂા.૫૦ અને બટાકાનો ભાવ રૂા.૨૦/કિલો



શિવરાત્રી પર્વ નજીક આવી રહયું છે ત્યારે શહેરના બજારોમાં શક્કરિયા-બટાકાની મબલક આવક થઈ રહી છે. બજારમાં લારીઓમાં જથ્થાબંધ શક્કરિયા-બટાકા ઠલવાઈ રહયા છે. શિવરાત્રી એટલે ઉપવાસનો મહિમા જેમાં સૌથી વધારે શક્કરિયા-બટાકા ખાવામાં આવે છે. તેથી બજારોમાં શક્કરિયા-બટાકાનું વેચાણ વધારે રહેશે. શક્કરિયાનો ભાવ ૫૦ રૂપિયા કિલો જયારે બટાકાનો ભાવ રૂા.૨૦ કિલો છે. જે આગામી દિવસોમાં ભાવ વધારો થવાની સંભાવના છે તેમ વેપારીઓ જણાવી રહયા છે. શિવરાત્રી પર્વમાં શક્કરિયા-બટાકાનું સવિશેષ મહત્વ રહેલું છે. શિયાળામાં શક્કરિયા ખાવા આરોગ્યપ્રદ મનાયા છે. શક્કરિયા ચોમાસામાં વવાય છે. શ્રાવણ, ભાદરવા માસમાં તેનું વાવેતર થાય છે અને ચાર મહિના બાદ તેની ઉપજ આવે છે તેના વેલા પશુઓ માટે આહાર બને છે. શક્કરિયા જયારે બજારમાં વધારે વેચાય છે ત્યારે ખેડૂતોની આવકનું મહત્વનું સાધન બની રહે છે. શક્કરિયાને ચુલામાં શેકીને કે પછી પાણીમાં બાફીને ખાવાની એક અનોખી મજા છે. હાલ વિવિધ બજારોમાં શક્કરિયાની ભરપુર આવક થવા લાગી છે. શિવરાત્રીમાં બટાકા-શક્કરિયાની માંગ વધારે વર્તાય છે તેથી તે દિવસોમાં બજારમાં મબલખ માલ ઉતરતો હોય છે. શિવરાત્રીના દિવસે શહેરીજનો ભગવાન ભોળાનાથના આશિર્વાદ સાથે શ્રધ્ધાપૂર્વક ઉપવાસ કરતાં હોય છે જેમાં ફરાળ સ્વરૂપે શક્કરિયા-બટાકા અને વિવિધ ફરાળી વાનગીઓ ખવાય છે. શક્કરિયા માત્ર સ્વાદમાં જ નહીં પણ સ્વાસ્થ્ય માટે પણ ખુબજ ફાયદાકારક હોય છે. તેને ખાવાથી ઈન્સ્ટન્ટ એનર્જીનું પાવર બુસ્ટર ગણાય છે. શરીરમાં ગરમાવો રહે છે. શક્કરિયામાં ફાઈબર, એન્ટી ઓક્સિડન્ટ, વીટામીન ભરપુર માત્રામાં હોય છે. શક્કરિયામાં વીટામીન બી-૭ હોય છે જે એમિનો એસીડના સ્તરને ઓછુ કરવામાં મદદરૂપ થાય છે. એમીનો એસીડની માત્રા વધવાથી શરીરમાં બિમારીઓની સંભાવના વધી જાય છે. મુળવાળી શાકભાજીને સામાન્ય રીતે ગરમી પેદા કરવાવાળા ગુણો માટે ઓળખવામાં આવે છે. શક્કરિયામાં હાજર ફાઈબરની માત્રા ખરાબ કોલેસ્ટ્રોલને ઘટાડે છે. શક્કરિયાએ ડાયાબીટીશનો પરંપરાગત ઉપાય છે. તેમાં જટીલ કાર્બોહાઈડ્રેટસ અને એડીયોનેકટીન હાર્મોન હોય છે તેમનું મિશ્રણ રકત ખાંડને સ્થિર રાખે છે. શક્કરિયાને સ્વીટ પોટેટો પણ કહેવાય છે. તેને શેકીને ખાવાથી હૃદયને સુરક્ષા મળે છે. શક્કરિયા રોગપ્રતિકારક ક્ષમતાને સારી બનાવે છે. જયાં સુધી બજારમાં શક્કરિયા દેખાતા રહે ત્યાં સુધી તેને ઉચ્ચ માત્રામાં ઉપયોગ કરવો જોઈએ. તાજા અને નરમ શક્કરિયા વધારે લાભકારી હોય છે.

### શક્કરિયા-બટાકા આરોગ્ય માટે શ્રેષ્ઠ

સામાન્ય રીતે વર્ષમાં આવતા તહેવાર પાછળ કંઈક વૈજ્ઞાનિક તથા ધાર્મિક સંદેશો હોય છે. ઋષિપંચમીએ જેમ સામો ખાવાનું મહત્વ છે તેમ મહાશિવરાત્રીએ ઉપવાસનું મહત્વ છે. આ દિવસે ખાસ કરીને બટાકા શક્કરિયાની વિવિધ વાનગીઓ ખવાય છે. મહાશિવરાત્રીએ કંદમુળ ફળાહારનું મહત્વ છે. શક્કરિયા બટાકા, સુરણ, રતાળુ વગેરે ખવાય છે. શરીર ટકાવવા માટે આહારની જરૂર પડે છે. એકાદશી એટલે વ્રતોમાં નિર્જળ અને નિરાહારી રહેવાનું હોય છે. પરતુ દરેક વ્યક્તિ ભુખ સહન કરી શકે નહી. દુધ, ફળ, કંદ લેવા જોઈએ તેથી શક્કરિયા-બટાકા ખાવાની પ્રથા શરૂ થઈ છે. એક વૈદ્યે જણાવ્યું કે શિયાળામા પુષ્કણ પ્રમાણમાં વસાણા, પાક ખાધા બાદ કફ જમા થઈ ગયો હોય છે પરિણામે જઠરાગ્નિ મંદ પડે છે અને આ દિવસોમાં ગરમીની પણ શરૂઆત થતી હોય છે તેથી લોહતત્ત્વવાળા અને ચિકાશ રહિત હોવાથી શક્કરિયા-બટાકા ગુણકારી છે મીઠા કંદમુળો ગરમી સામે પ્રતિકાર કરી શકે છે.

## જન્મદિને વધામણી



જય તેજસભાઈ લવિંગીયા
મો. ૯૮૯૮૦ ૪૬૨૧૬



બ્રિન્દા ભાવિનભાઈ લવિંગીયા
મો. ૯૪૨૬૪ ૧૭૮૪૮



નંદા એ. આહીર
મો. ૯૭૨૩૬ ૧૭૭૪૭

# સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા પુલવામાં અટેક અંતર્ગત બ્લેક ડે મનાવાયો




ગાંધીનગર, તા.૧૪

વિશ્વએ ૧૪ ફેબ્રુઆરીના રોજ વેલેન્ટાઈન ડે ઉજવ્યો હોવા છતાં, પુલવામા હુમલાને કારણે આજનો દિવસ ભારત માટે 'બ્લેક ડે' તરીકે ઓળખાય છે. પુલવામા હુમલાની ભયાનકતાને ચાર વર્ષ વીતી ગયા હોવા છતાં, ૧૪ ફેબ્રુઆરીને સમર્પણ સાયન્સ અને કોમર્સ કોલેજ દ્વારા 'બ્લેક ડે' તરીકે મનાવવામાં આવે છે, બહાદુર સીઆરપીએફ જવાનોની યાદમાં, જેમણે તેમના જીવનની આહુતિ આપી હતી. હુમલામાં તેમણે પોતાનો જીવ ગુમાવ્યો હતો. સમર્પણ કોલેજના તમામ વિદ્યાર્થીઓ બ્લેક ડ્રેસમાં હાજર રહી શહીદોને શ્રદ્ધાંજલિ આપી અને મૌન પાળ્યું હતું. પ્રોગ્રામનું સંચાલન હિરલ વેદ તથા પ્રો. સલમા ઘાંચી દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના ટ્રસ્ટી મહેન્દ્રસિંહ વાઘેલા, રજીસ્ટાર ડો. એમ ડી પાંડે, પ્રિન્સિપાલ ડો.રાજી ડેનિસ તથા તમામ સ્ટાફ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.

# એસ.વી.અંગ્રેજી માધ્યમ શાળામાં સ્પેકટ્રમ મેળો યોજાયો






ગાંધીનગર, તા.૧૪

સર્વ વિધ્યાલય કેળવણી મંડળ દ્વારા સંચલિત એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામા વિદ્યાર્થીઓ અને વાલીઓમા રહેલી કલાને ઉજાગર કરવાના હેતુથી સ્પેકટ્રમ મેળાનુ ભવ્ય આયોજન કરવામા આવ્યુ હતુ. જેમા ગણિત, વિજ્ઞાનના વિવિધ મૉડલો દ્વારા ગાણિતિક અને વૈજ્ઞાનિક અભિગમો વિકસિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. આર્ટ એન્ડ ક્રાફટ ગેલેરીમા ચિત્રકલા, હસ્તકલા, નૈલઆર્ટના સુંદર નમૂના પ્રદર્શીત કર્યા હતા સાથે વાલી મિટિંગનું પણ આયોજન કરવાંમાં આવ્યું હતું. જેમા આચાર્ય, શિક્ષકો, વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉત્સાહપૂર્વક જોડાઈ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

# સરકારી વિનયન કોલેજ ખાતે જળ સંશોધનો પર વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા.૧૪

સરકારી વિનયન કૉલેજ, ગાંધીનગર તેમજ ઈકો ક્લબ અંતર્ગત ભૂગોળ વિભાગ દ્વારા નિષ્ણાત વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. વક્તા તરીકે આવેલ મહેશ પંડ્યા એમના વક્તવ્યમાં જળ સંસાધનોનું સંવર્ધન અને વ્યવસ્થાપન કઈ રીતે કરવું અને જળતંગી કેવી રીતે નિવારવી એ વિશે ખૂબ સરળ ભાષામાં માગ દર્શન આપ્યું.

આ કાર્યક્રમ સદર કૉલેજના સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના બધા જ વિદ્યાર્થીઓ તેમજ અધ્યાપકો જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન પ્રા.ડો.જોલી દેસાઈએ કર્યુ અને આભાર વિધિ પ્રા. ડૉ. ચેતન ચૌહાણે કરેલ. યુવાનોને પર્યાવરણ પ્રત્યે સંવેદશીલ પેઢી તૈયાર કરવાનો ઉદ્દેશ્ય આમાં સમાયેલ છે.



ગાંધીનગર ટેક્વોન્ડો એસોસિએશન-મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા સેક્ટર-૩/સી ખાતે વાર્ષિક યુવા રમતોત્સવનું કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર મહિલા આઈ.ટી.આઈના નિવૃત્ત આચાર્ય અશોક ત્રિવેદી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે આયોજક મિલાપ ટાટારિઆ ટાઇગર દ્વારા મોમેન્ટો અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ૬૯ મી 'સર્વ નેતૃત્વ' તાલીમ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા તા. ૩ થી ૭ ફેબ્રુઆરી, ૨૦૨૩ દરમિયાન પાંચ દિવસીય ૬૯ મી 'સર્વ નેતૃત્વ-નિવાસી તાલીમ શિબિર' નું આયોજન સર્વ વિદ્યાલય કેમ્પસ, કડી ખાતે કરવામાં આવ્યું જેમાં સર્વ વિદ્યાલયની વિવિધ ૧૯ કોલેજોના ૭૪ વિદ્યાર્થીઓએ ખુબ રસપૂર્વક ભાગ લીધો હતો. આ પાંચ દિવસીય તાલીમના માસ્ટર ટ્રેનર અમદાવાદના મેનેજમેન્ટ એસોસિએશનના બિહેવીયર ટ્રેનર કમ સ્પીકર અનુરાગભાઈ મહેતા ઉપસ્થિત રહી વિવિધ પ્રવૃતીઓ દ્વારા વિદ્યાર્થીઓને નેતૃત્વની તાલીમ આપી હતી.



ટીમ બિલ્ડીંગ ગેમ્સ, શોર્ટ ફિલ્મ્સ, ગૃપવર્ક અને સ્ટ્રક્ચરલ પ્રશ્નાવલી, મેડિટેશન ,પોતાનામાં રહેલી શુષુપ્ત શક્તિઓને જાણવાનો પ્રયાસ કરાયો હતો. તેમણે તાલીમાર્થીઓને આત્મનિરીક્ષણ કરી સ્વમુલ્યાંકન દ્વારા પોતાની જાતને ઓળખી તેનો યોગ્ય ઉપયોગ સમાજ ઉત્થાન અને રાષ્ટ્રનિર્માણની પ્રક્રિયા માટે કરતા શીખવ્યું. આ સાથે કેટલાંક સામાજિક પ્રશ્નોથી વાકેફ કરી તેના નિરાકરણ માટેનું માર્ગદર્શન આપ્યું. જીવનમાં હંમેશા પોતાના હદયના અવાજને સાંભળીને ખુબ પુરુષાર્થ દ્વારા આગળ વધવાની શીખ આપી. તાલીમ શિબિર દરમ્યાન ગેસ્ટ સ્પીકર તરીકે રોડ સેફટીના અમિતભાઈ ખત્રી તેઓએ રમુજી સ્ટાઈલમાં રોડ સેફટી પર વિદ્યાર્થીઓ ને પ્રેર્યા હતા.અને મિસ વર્લ્ડ યોગિની પૂજાબેન પટેલ ઉપસ્થિત રહ્યા હતા, તેઓએ મિસ વર્લ્ડ બનવા પાછળ એમના સંઘર્ષ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ પાંચ દિવસ દરમ્યાન દરરોજ સવારે ડો. કપિલ ત્રિવેદી દ્વારા શરીર અને મનને સ્વસ્થ રાખવા જીવનમાં યોગ, ધ્યાન અને કસરતનો અભ્યાસ કરાવવામાં આવતો અને તેનું દૈનિક જીવનમાં રહેલું મહત્વ સમજાવ્યું હતું. પૂર્વ તાલીમાર્થીઓ દ્વારા ઉત્તરાયણ દરમિયાન કરવામાં આવેલ સેફ સ્કાય પ્રોજેકટની માહિતીથી યુવાનોને જણાવવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમ કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ વલ્લભભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાયેલ જેમાં સફળ સંચાલન અને સંકલન સર્વ નેતૃત્વ કાર્યક્રમના કો-ઓર્ડીનેટર પ્રો. ડો.ધર્મેન્દ્ર પટેલ, પ્રોફ. સુરજ મુંજાણી અને રાહુલ સુખડીયા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં પૂર્વ તાલીમાર્થી વિજય, ભાર્ગવ, દેવાંશ અને ઝીલ જેઓએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અશ્વિનભાઈ એ. પટેલ કોલેજની સાત દિવસીય એનએસએસની શિબિર સંપન્ન







ગાંધીનગર, તા.૧૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત અને કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ.પટેલ કોમર્સ કોલેજની સાત દિવસીય શિબિર મગોડી ખાતે યોજાઈ હતી. આ શિબિરની મુખ્ય થીમ સ્વચ્છતા, આરોગ્ય જાળવણી, પ્રાકૃતિક ખેતી, વ્યસન મુક્તિ, રોડ સેફટી, મોબાઈલ એડિકશન અને પ્લાસ્ટિક વપરાશ અટકાવવા અંગેની હતી. ગુજરાત રાજયના મહામહિમ રાજયપાલ આચાર્ય દેવવ્રતજીના આહવાન પર આઝાદીના અમૃત મહોત્સવ પર યુવા સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પને ધ્યાનમાં રાખીને અનેકવિધ પ્રવૃત્તિઓ આ શિબિરમાં કરવામાં આવી હતી. સવારે દરરોજ પ્રભાતફેરી, યોગ-પ્રાણાયામ, મેડીટેશન, પ્રાર્થના, ભજન સંધ્યા, સ્વચ્છતા અભિયાન અંતર્ગત સમગ્ર ગામને સ્વચ્છ રાખવા માટે જાગૃત બન્યા હતા. દરેક ગ્રામજનોને સ્વચ્છતા રાખવા માટે સ્વયંસેવકો દ્વારા સ્વચ્છતાના સંકલ્પપત્ર પણ ભરાવડાવવામાં આવ્યા હતા અને રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમમાં સમગ્ર ગ્રામજનોને સ્વચ્છતાના શપથ પણ





લેવડાવવામાં આવ્યા હતા. વ્યસન અંગે પણ સ્વયંસેવકો દ્વારા સઘન ઝુંબેશ દ્વારા વ્યસનથી થતા નુકસાન સમજાવીને લોકોને વ્યસન મુક્ત બનાવવાનું કામ કરવામાં આવ્યું હતું. આગામી સમયમાં કૉલેજના સ્વયંસેવકો દ્વારા ગામમાં હજુ પણ વધારે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરતા થાય એ માટે કાર્ય કરવામાં આવશે. દરરોજ રાત્રે કેમ્પની થીમ પ્રમાણેના જુદા જુદા સાંસ્કૃતિક કાર્યક્રમો કરવામાં આવ્યા હતા. આ સાંસ્કૃતિક કાર્યક્રમમાં દરરોજ ૧૫૦૦ કરતાં વધારે લોકો જોવા માટે આવતા હતા તેના કારણે સાંસ્કૃતિકમાં કાર્યક્રમના માધ્યમથી લોકોને જાગૃત બનાવવાનું કામ ખૂબ સારી રીતે થયું હતું. આ શિબિરનું આયોજન અને સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ.રણછોડ રથવી અને પ્રોફેસર અંજલી પટેલ દ્વારા કરવામાંઆવ્યુંહતું. આ કેમ્પને સફળ બનાવવા માટે શિબિર મંત્રી યશપાલ રથવી, ઈશિતા પરમાર, જાનકી ચૌધરી, મૈત્રી વૈષ્ણવ, દેવાંશી રાવલ, કેનલ પટેલ, વિભૂતિ પટેલ, દિવ્યેશ આહીર, મિતરાજ જાડેજા, વિવેક જાદવ, વિસૃત પટેલ, શક્તિસિંહ પરમાર દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રિન્સિપાલ ડૉ. વિજ્ઞા ઓઝાએ દરેકને અભિનંદન આપ્યા હતા.

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ.રાણા ઘનશ્યામસિંહ તખુસિંહ** ઉ.વ.૫૯, નવા ધરમપુર
- **સ્વ.દંતાણી ગોપીબેન રમેશભાઈ** ઉ.વ.૬૫, ગાંધીનગર, સે-૧૩
- **સ્વ.વાઘેલા કમળાબેન પુંજાલાલ** ઉ.વ.૮૨, ગાંધીનગર
- **સ્વ.વ્યાસ ધર્મિષ્ઠાબેન નિલેશકુમાર** ઉ.વ.૫૧, વાવોલ